
# અમેરિકામાં સૈનિકો યુદ્ધનો વિરોધ કેમ કરતા આવ્યા છે?

પગરવ
★ પ્રશસ્ત પંડ્યા

અમેરિકા યુદ્ધમાં ઉતર્યું છે અને હવે ઇરાનથી માર પણ ખાઈ રહ્યું છે. અમેરિકા જેવી મહાસત્તા ઊંધે માથે પછડાઈ રહ્યું છે; ત્યારે તેમના દેશમાંથી પણ યુદ્ધના વિરોધનો અવાજ ઊઠી રહ્યો છે. અમેરિકાનું વલણ હંમેશા યુદ્ધ તરફી રહ્યું છે. મહાસત્તા તરીકે ટકી રહેવા તે પોતાની ભૂમિ છોડીને અનેક દેશો પર હુમલો કરી ચૂક્યું છે. પરંતુ કેટલાંક અમેરિકાના જ સૈનિકો એવા છે જેમણે યુદ્ધની ભયાનકતા અને તેમાં લોકોની પીડા જોઈને યુદ્ધનો વિરોધ કરવાનું શરૂ કર્યું. આ સંખ્યા નાનીસૂની નથી અને આવા અનેક સૈનિકોએ મીડિયા સમક્ષ આવીને કે પોતાનો અવાજ વિશ્વ સુધી પહોંચાડ્યા છે.

યુદ્ધ વિરોધી અને શાંતિદૂતોમાં એક નામ અમેરિકાની 'મરીન કોર્પ્સ'ના મેજર જનરલ સ્મેડલી બટલર છે. તેમની સૈન્ય કારકિર્દી ત્રણ દાયકાની રહી હતી. તેમણે અનેક યુદ્ધોમાં ભાગ લીધો હતો. તેમાં ફિલિપિન્સ-અમેરિકન યુદ્ધ, મેક્સિકન ક્રાંતિ, બનાના યુદ્ધ અને પ્રથમ વિશ્વયુદ્ધ પણ સામેલ છે. જોકે તેઓ નિવૃત્ત થયા તે પછી તેમણે અમેરિકાના સૈન્યની ઘણી બધી પોલ ખુલ્લી પાડીને 'વૉર ઇઝ રેકેટ' નામનું પુસ્તક લખ્યું હતું. તેમાં સ્મેડલી બટલરે સ્પષ્ટ લખ્યું હતું કે યુદ્ધમાં વેપારીઓને લાભ કેવી રીતે મળે છે. તેમાં તેમણે પાંચ પ્રકરણ લખ્યા છે. આ પ્રકરણમાં તેઓ આ વૉરનું વિષચક્ર કેવી રીતે ચાલે છે? કોણ તેનાથી કમાણી કરે છે? તેનો ખર્ચ કોણ ચૂકવે છે? આ રેકેટને કેવી રીતે તોડી શકાય? અને યુદ્ધ નર્કાગાર છે - તે તમામ બાબતોને વિગતે લખી છે. તેમાં એક સ્થાને





સ્મેડલી બટલર લખે છે : 'યુદ્ધ એક ધંધો છે. આ સૌથી જૂનો, સૌથી વધુ લાભકારક અને નિશ્ચિત રૂપે સૌથી ક્રૂર ધંધો છે. આ એકમાત્ર ધંધો છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસરેલો છે. આ ધંધામાં નફો નાણાંમાં ગણવામાં આવે છે અને નુકસાન જાનહાનિમાં! મારા વિચારથી આ ધંધાની સૌથી એ રીતે સમજી શકાય કે તેમાં દેખાય છે તેવું હોતું નથી. માત્ર એક નાનકડું જૂથ જાણે છે કે ખરેખર શું થઈ રહ્યું છે? તેમાં ગણ્યાગાંઠ્યા લોકોને જ લાભ સમાયેલો હોય છે અને તેની કિંમત વધુ લોકો ચૂકવે છે. યુદ્ધથી ઘણાં લોકો ખૂબ આવક કરે છે.'

આ સૈનિક જેમ પુસ્તકમાં અમેરિકાના રાજકારણ અને સૈન્યને ઉઘાડું પાડે છે. તેમ તેમણે એક 'કોમન સેન્સ' મેગેઝિનમાં જે લખ્યું હતું. તે પણ ધ્યાને લેવા જેવું છે, તેઓ લખે છે : 'હું 30 વર્ષ અને ચાર મહિના સુધી સક્રિય સેનામાં રહ્યો હતો. આ દરમિયાન હું મહદંશે મોટા વ્યવસાયી, વોલ સ્ટ્રીટ અને બેંકરો માટે ઉપરના સ્તરે 'મસલમેન' તરીકે કામ કરતો રહ્યો. ટૂંકમાં કહું તો હું મૂડીવાદીઓ માટે એક ગેંગસ્ટર હતો. મેં 1914માં મેક્સિકોમાં વિશેષ રીતે ટામ્પિકો ક્ષેત્રને અમેરિકાના ક્રૂડ ઓઈલ માટે સુરક્ષિત રાખવા માટે જહેમત ઊઠાવી હતી. નેશનલ સિટી બેંકના લોકોનો નફો હૈતી અને ક્યૂબામાં સુરક્ષિત રહે તે માટે પણ મેં મદદ કરી હતી.' આ પછી પણ તેમણે વર્ષવાર અમેરિકાના ઉદ્યોગપતિઓ અને વેપારીઓ માટે કેવી રીતે અન્ય દેશોમાં સૈન્ય કાર્યવાહી કરીને લાભ કમાવી આપ્યો તેનો વિસ્તૃત અહેવાલ આપ્યો છે. આ પૂરા કિસ્સામાં મેજર જનરલ સ્મેડલી બટલર માત્ર શાંતિની વાતો કરીને બેસી નથી રહ્યા; બલકે તેમણે સૈન્યની એકેએક વિગતો મૂકીને લોકો તેમાં કેવી રીતે ઠગાય છે તે વાત રજૂ કરી છે.

સ્મેડલી બટલરે તો સૈન્ય કારકિર્દી પછી યુદ્ધનો વિરોધ કર્યો, પરંતુ 'ફોર્ટ હુડ થ્રી' કરીને ઓળખાતા અમેરિકી સૈન્યના ત્રણ સૈનિક જેમ્સ જોહસન, ડેવિડ એ. સમસ અને ડેનિસ મોરા એવા સૈનિકો હતા, જેમણે 1966માં વિયેતનામ યુદ્ધ દરમિયાન જ યુદ્ધમાં જવા માટે સ્પષ્ટ 'ના' કહી હતી. અમેરિકાના સૈન્ય ઇતિહાસમાં આ રીતે યુદ્ધમાં જવા માટે 'ના' કહેનારાઓમાં આ ત્રણનું નામ પ્રથમ આવે છે. તે પછી તેમના પર સૈન્યમાં કેસ પણ ચાલ્યો હતો અને તેમને કોર્ટ માર્શલ પણ કરવામાં આવ્યા હતા. જોકે આ રીતે સૈનિકોએ જ યુદ્ધમાં જવાનો વિરોધ કરવાથી પૂરા અમેરિકામાં યુદ્ધ વિરોધી મોજૂ ઊભું થયું હતું. એ રીતે વિયેતનામમાં લડવાના જનારા અમેરિકન સ્પેશિયલ ફોર્સના સૈનિક ડોનાલ્ડ વોલ્ટર ડન્કેન પણ વિયેતનામના યુદ્ધમાં સામેલ થવાની ના કહી હતી. એટલું જ નહીં તેમણે તે અંગે અમેરિકાનું એક મેગેઝિન 'રેમ્પપટ્ર્સ'માં ઇન્ટર્વ્યૂ આપ્યું હતું. આ ઇન્ટર્વ્યૂ કવર પેજ પર લેવાયું હતું અને તેમાં ડોનાલ્ડ વોલ્ટર ડન્કેનની તસવીર સહિત બે શબ્દો કવર પેજ પર મૂકવામાં આવ્યા હતા. તે હતા 'આઈ ક્વિટ.' મતલબ કે હું છોડી રહ્યો છું. હવે તેમણે પણ આ રીતે સૈન્ય છોડ્યું તેનાં કારણોમાં જે કંઈ કહ્યું છે. તેના અંશ જોઈ જવા છે. તેઓ કહે છે કે, 'મારે મહદંશે રોજ વિયેતનામ સ્થિત 'મિલિટરી આસિસ્ટન્ટ કમાન્ડ'નો ગુપ્ત અહેવાલ ધ્યાનથી વાંચવો પડતો હતો. હું દંગ રહી ગયો. જે કંઈ થઈ રહ્યું હતું તે સાવ બેમતલબનું હતું. આખો ખેલ જોઈએ તો સાવ મનઘડંત. સાતત્ય રીતે ઊભું કરવામાં આવેલું એક ચિત્ર. તે જ દિવસથી મેં દરેક અહેવાલનું વિશ્લેષણ કરવાનું શરૂ કરી દીધું, જેનો સંબંધ ગુપ્ત અહેવાલ અને નીતિ સાથે હતો. એ સ્પષ્ટ હતું કે અમારી કોઈ ઠોસ નીતિ નહોતી. દેશમાં ભ્રષ્ટાચારને ખતમ કરવાના બદલે અમે તેના સૌથી મોટા સમર્થક બની ગયા. અમે દેશના સૌથી ખરાબ તત્ત્વોને સાથ આપ્યો. અમારી પાસે જીતવા માટે કશુંય ન રહ્યું. આ પૂરું ચિત્ર બનાવટી હતું.'

**'યુદ્ધ એક ધંધો છે. આ સૌથી જૂનો, સૌથી વધુ લાભકારક અને નિશ્ચિત રૂપે સૌથી ક્રૂર ધંધો છે. આ એકમાત્ર ધંધો છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસરેલો છે. આ ધંધામાં નફો નાણાંમાં ગણવામાં આવે છે અને નુકસાન જાનહાનિમાં!**

આ રીતે જેમ જેમ સૈનિકો એકઠા થતાં ગયા તેમ તેનું એક સંગઠન રચાયું. વિયેતનામ વખતે યુદ્ધનો વિરોધ કરનારા સૈનિકોનું જે સંગઠન રચાયું તેનું નામ 'વિયેતનામ વેટરન્સ અગેઇન્સ્ટ ધ વૉર'હતું. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ હતો કે વિયેતનામના યુદ્ધમાં સામેલ થવા માટે અમેરિકાની સરકારની નીતિનો વિરોધ કરવો. અને શાંતિ, ન્યાય, અધિકાર માટે મુહિમ ચલાવવી. આ મુહિમ એટલી વ્યાપક બની કે 1967માં 15 એપ્રિલના રોજ થયેલી એક યાત્રામાં ચાર લાખથી વધુ લોકો જોડાયા હતા. આ સંગઠનમાં જોરશોરથી યુદ્ધનો વિરોધ કરનારાઓમાં એક સૈનિક તે રોનાલ્ડ લોરેન્સ કોવિક હતા. તેઓ અમેરિકાના 'મરીન કોર્પ્સ'ના સૈનિક હતા, પરંતુ વિયેતનામ યુદ્ધ દરમિયાન તેઓ ઘાયલ થયા અને તે પછી તેઓ પેરેલાઇઝ થયા. રોનાલ્ડ લોરેન્સ કોવિકે યુદ્ધનો જોરશોરથી વિરોધ ઊઠાવ્યો. તેઓ એન્ટી વોર મૂવમેન્ટનો હિસ્સો રહ્યા છે. 2003માં અમેરિકાએ લેબનોનમાં જે કાર્યવાહી કરી હતી તેનો પણ વિરોધ કર્યો હતો.

વિયેતનામ યુદ્ધ દરમિયાન અમેરિકાના સૈન્યના અનેક એવાં ગ્રૂપ બન્યા જેઓ યુદ્ધનો વિરોધ કરતા હતા. તેમાંનું એક 'જી. આઈ. મૂવમેન્ટ' પણ હતું. આ મૂવમેન્ટ અંતર્ગત અનેક સૈનિકો વિયેતનામમાં યુદ્ધ લડવા તૈયાર નહોતા થયા. તેઓ અમેરિકન સૈન્ય દ્વારા વિયેતનામમાં સામાન્ય લોકો પર થઈ રહેલા અત્યાચારનો પણ વિરોધ કરતા હતા. જેઓ વિયેતનામમાં લડવા માટે તૈયાર નહોતા તેમના પ્રેરણાસ્ત્રોત 'ફોર્ટ હુડ થ્રી'ના ત્રણ સૈનિકો હતા. તે પછી તો અમેરિકન સૈનિકોમાં 'પ્રેસિડો બળવો' પણ થયો.




જોકે આ બળવો કરનારાઓનું કોર્ટ માર્શલ થયું હતું અને તે પછી સજા પણ કરવામાં આવી હતી. જોકે તે પછી અમેરિકન પ્રજા આ સૈનિકોના પડખે આવી હતી અને તેમની સજાનો વિરોધ કર્યો હતો. તે પછી આ સૈનિકોની સજા ઓછી કરવામાં આવી હતી. અમેરિકામાં એન્ટિ વોર મૂવમેન્ટનો લાંબો ઇતિહાસ છે; પરંતુ આ ઇતિહાસનો લાંબો અધ્યાય વિયેતનામ યુદ્ધ દરમિયાન લખાયો.

આ દરમિયાન અમેરિકાના સૈન્યની એક નર્સ સુસાન સ્કેનલે પણ યુદ્ધ અમેરિકાની સરકારની પોલ ખોલવા માટે સજા ભોગવી હતી. અમેરિકાના સૈનિકોના આવા અનેક દાખલા મળે છે, અહીં તેમાંથી જૂજની જ વાત થઈ શકી છે. અમેરિકાને જેમ યુદ્ધ તરફી જોઈ શકાય તેમ અમેરિકામાં થતા યુદ્ધનો વિરોધ પણ વ્યાપક છે.